# યહોશુઆની સરદારી

## (ફાધર વર્ગીસ પોલ)

ઈસાયલી પ્રજાને મિસરની ગુલામીમાંથી બહાર લાવનાર મોશેના ઉત્તરાધિકારી અને પોતાની પ્રજાની આગેવાની લઈને ઈશ્વરે  જે ભૂમિ આપવાનું વચન આપ્યું હતું તે કનાનભૂમિ ઉપર વિજય મેળવી આપનાર બળવાન અને બહાદુર માણસ છે યોહાશુઆ. મોશે સાથેના અમુક ઉલ્લેખોને બાદ કરીએ તો યહોશુઆના પૂર્વજીવન વિશે આપણી પાસે કોઈ માહિતી નથી.

રણ પ્રદેશની રખડપટ્ટી દરમિયાન રફીદીમ આગળ એમાલેકીઓએ આવીને ઈસાયલીઓ ઉપર હુમલો કર્યો હતો. તે વખતે મોશેએ યહોશુઆને કહ્યું. "તું આપણામાંથી માણસો પસંદ કરીને આવતી કાલે અમાલેકીઓ સામે લડવા જા. હું ઈશ્વની લાકડી લઈને ડુંગરની ટોચ ઉપર ઊભો રહીશ." યહોશુઆ મોશેના કહ્યા પ્રમાણે અમાલેકીઓ સામે યુદ્ધે ચડયો અને યહોશુઆની સરદારી હેઠળ ઈસાયલીઓએ તલવારની ધારે અમાલેકીના લોકોને ખૂબ કુશળતાથી મારી હટાવ્યા હતા.

ઈસાયલીઓના સિનાઈ પર્વત આગળના મુકામ દરમિયાન મોશે સાથે યહોશુઆના ઘણા ઉલ્લેખો મળે છે. આ રીતે મોશે સાથે ઈસાયલીઓની નજરમાં યહોશુઆ મોશેના અનુગામી તરીકે પસંદગી પામી છે.

સિનાઈ પર્વતથી આગળ વધીને પ્રજા ઈશ્વરે એમને આપવા માટે વચન આપેલા કનાન દેશના દક્ષિણ છેડા પાસે આવ્યા ત્યારે મોશેએ કનાન દેશની પરિસ્થિતિ જાણવા માટે ઈસાયલીઓના બાર વંશોમાંથી બાર જણને પસંદ કરીને કનાન ભૂમિમાં જાસૂસો તરીકે મોકલ્યા હતા. એમાં પોતાના વંશના પ્રતિનિધિ તરીકે યહોશુઆનો પણ સમાશેવ થયો હતો. બારે જણે કનાન ભૂમિમાં ચાલીસ દિવસ સુધી ફરીને તપાસ કરી અને મોશેને અહેવાલ આપ્યો કે, કનાન ભૂમિમાં "સાચે જ દૂધ અને મધની રેલમેલ છે."

પણ બાર જણમાંથી દસ જણ કહેતા હતા કે ત્યાં લોકો મજબૂત છે અને ત્યાંના શહેરો મોટાં અને કિલ્લેબંદીવાળાં છે.આપણે એમને જીતી શકીએ એમ છીએ જ નહિ. પણ બે જણે યહોશુઆએ અને કાલેબે કહ્યું કે,"આપણે એકદમ જઈને એ દેશનો કબજો લઈ લેવો જોઈએ. આપણે એને ખસૂસ જીતી લઈ શકીએ એમ છીએ. કારણ, તેમનું રક્ષણ કરનાર કોઈ રહ્યો નથી અને પ્રભુ આપણી પડખે છે. માટે તેમનાથી લગીરે ડકશો નહિ."

પણ ઈસાયલીઓ કાલે બે અને યહોશુઆની વાતો માનવા તૈયાર નહોતા. તેઓ પોતાના મિસરમાંથી બહાર લાવવા બદલ મોશેનો વાંક કાઢતા હતા. પરિણામે તેઓ ચાલીસ વર્ષ સુધી કનાન ભૂમિમાં પ્રવેશ કર્યા વગર રણ પ્રદેશમાં ભટકતા રહ્યા અને મૃત્યુ પામ્યા. ફક્ત યહોશુઆ અને કાલેબ જ કનાન ભૂમિમાં દાખલ થઈ શક્યા.

એ સમયે મોશેને લાગ્યું કે પોતાનું જીવનકાર્ય પૂર્ણ થયું છે. એટલે પ્રભુના પ્રેર્યા મુજબ મોશેએ યહોશુઆના માથે હાથ મૂકીને એમને ઈસાયલી પ્રજાના આગેવાન તરીકે નીમ્યા. અને બાઈબલ નોંધે છે તેમ, યહોશુઆમાં જ્ઞાનનો સંચાર થયો. ઈસાયલીઓ, પ્રભએ મોશેને કહ્યા મુજબ યહોશુઆનું કહ્યું માથી ચડાવવા લાગ્યા.

ત્યારે પ્રભુએ યહોશુઆને કહ્યું, “મારો સેવક મોશે મૃત્યુ પામ્યો છે. હવે તારે અને ઈસાલના બધા લોકોએ યર્દન નદી ઓળંગવાની છે અને હું તમને જે ભૂમિ આપું છું તેમાં પ્રવેશ કરવાનો છે. મેં મોશેને કહ્યું હતું તે પ્રમાણે તમે જે જે ભૂમિ ઉપર પગ મૂકશો તે બધી હું તમને આપીશ તમારી સરહદ દક્ષિણમાં રણથી માંડીને ઉત્તરમાં લબાનોનની પર્વતમાળા સુધી અને પૂર્વમાં ફ્રાંત નદીથી તે પશ્ચિમમાં મહાસાગર સુધી રહેશે. તું જ્યાં સુધી જીવતો છે ત્યાં સુધી કોઈ તારા માર્ગમાં આડે આવી શકનાર નથી, હું જેમ મોશેની સાથે રહેતો હતો તેમ તારી સાથી રહીશ. હું તને કદી રેઢો નહિ મૂકું. બળવાન અને બહાદુર થજે.”

પછી યહોશુઆ ઈસાયલીઓને યર્દન નદી પાર કરીને કનાન ભૂમિના યરીખો નગરને જીતી લેવા તૈયારી કરવા લાગ્યા. સૌ પ્રથમ યહોશુઆએ યરીખોમાં પોતાના જે જાસૂસોને મોકલીને નગરની પરિસ્થિતિ જાણી લીધી. યરીખો નગરમાં વેશ્યા રાહાબે યહોશુઆના જાસુસોને સંતાડીને રાજાના માણસોથી બચાવી લીધી. એટલે જાસુસોએ રાહાબ અને એના સૌ કુટુંબીજનોને બચાવી લેવાનું વચન આપીને યહોશુઆ પાસે પાછા આવીને કહ્યું. “પ્રભુએ આખો દેશ આપણને સોંપી દીદો છે. અને આપણા આવવાથી ત્યાં વતનીઓ અત્યારથી જ થરથરી ગયા છે.”

બીજા દિવસે વહેલી સવારે યહોશુઆની દોરવણી હેઠળ ઈસાયલીઓએ યર્દન નદી ચમત્કારિક રીતે પાર કરીને યરીઓની આસપાસના મેદાનમાં આવેલા ગિલ્ગાલમાં પડવા નાખ્યો. પણ ઈસાયલીઓને ખાળવા માટે યરીખોના દરવાજા ભોગળ વાસી બંધ કરી દેવામાં આવ્યા.

પણ યહોશુઆએ પ્રભુની પ્રેરણા મુજબ છ દિવસ માટે રોજ એકેક વાર શહેરની ફરતે કૂચ કરી ચક્કર લગાવ્યા. સામે દિવસે તેઓ પો ફાટતાં જ ઊઠયા અને સાત વાર શહેરની ફરતે ચક્કર લગાવ્યા. સાતમા ચક્કર વખતે પુરોહિતોએ શિંગાં ફૂંક્યા અને યહોશુઆએ કહ્યા મુજહ લોકોએ ગર્જના કરી અને તે જ ક્ષણે શહેરનો કોટ ભોંયભેગો થઈ ગયો. પછી બધા લોકોએ હતા ત્યાંથી સીધી શહેર ઉપર ધસી જઈ તેને કબજે કરી લીધું. તેમણે શહેરમાંના બધાં આબાલવૃદ્ધ સ્ત્રીપુરુષોને તલવારથી વધેરી નાખ્યાં. ઢોરો, ઘેટાંબકરાં અને ગધેડાંને પણ જીવતાં ન મેલ્યાં. પુણ વેશ્યા રાહાબ અને એનાં સૌ કુટુંબીજનોને બહાર લાવી ઈસાલીઓની છાવણી પાસે રાખ્યાં. પછી તેમણે શહેરને આગ લગાડી અને બધું બાળી મૂક્યું.

આ રીતે કનાન ભૂમિના જુદા જુદા વિસ્તારો અને નગરો યહોશુઆની સરદારી હેઠળ ઈસાયલી લોકોને યુદ્ધ કરીને જીતી લીધાં. બાઈલમાં યહોશુઆ ગંથના પ્રથમ 12 અધ્યાયોમાં કનાન ભૂમિ ઉપરના ઈસાયલીઓનું આક્રમણ અને જીતની વાત છે. દેશ ઉપર કબજો મેળવવામાં ઈસાયલીઓને વર્ષો સુધી ઘણી યુદ્ધકળાઓ અને વ્યૂહરચનાઓ કરવી પડી હશે. એમાં કેટલાંક યુદ્ધ અને ચડાઈની વાત યહોશુઆ ગ્રંથમાં આપણને મળે છે.

યહોશુઆ ગ્રંથના બીજા ભાગમાં ઈસાયલીઓ કનાન ભૂમિમાં કેવી રેતી ઠરીઠામ થાય એનું વર્ણન છે. દેશ ઉપર કબજો મેળવ્યા પછી યહોશુઆએ ઈસાયલના બાર વંશો માટે કનાન ભૂમિને વહેંચી આપી. આ આખા વિભાગમાં ભૌગોલિક નિદેશાંની એક લાંબી યાદી છે. યહોશુઆ ગ્રંથના ત્રીજા અને છેલ્લા ભાગમાં નવા દેશમાં પ્રજાને વસાવવાનું કામ પૂરું કર્યા પછી યહોશુઆ વિદાય લે છે. તે પહેલાં તે ઈસાયલીઓને પ્રભુને વફાદાર રહેવાની સલાહ આપીને એમના વતી પ્રભુ સાથે કરાર કરે છે.

આ રીતે અબાહમ, ઇસહાક અને યહૂદાનાં સંતાનો – ઈસાયલી પ્રજા – પોતાના બાપદાદાની ભૂમિ ફરી જીતી લે છે. “હું તારા વંશજોને આ ભૂમિ આપીશ.” એવું વચન પ્રભુએ અબાહામને આપ્યું હતું તે વચન યહોશુઆ દ્વારા પ્રભુએ પૂરું કર્યું. આ રીતે પોતાનું જીવનકાર્ય પૂરું કરીને એક સો ને દસ વરસની ઉંમરે યહોશુઆ મૃત્યુને વરીને પોતાના વડદાદાઓ પાસે પહોંચી ગયા.

યહુદીઓ કે ઈસાયલી પ્રજાના ઈતિહાસમાં યહોશુઆને એક વીર યોદ્ધા કે યુદ્ધવીર તરીકેનો મહિમા આપવામાં આવે છે. કનાન ભૂમિમાં પ્રવેશ કર્યા પછીનું યહોશુઆનું જીવન ઘણાં લોહિયાળ યુદ્ધો અને લશ્કરી સાહસોની વીરગાથાથી ભરેલું છે.

છતાં મૃત્યુ પહેલાંનાં યહોશુઆનાં વિદાયવચનો બતાવે છે કે યહોશુઆ પોતાની જાતને એક લશ્કરી વડા કરતાં ભગવાનના ભરોસે ચાલવા પસંદ કરનાર ઈશ્વરના ભક્ત તરીકે વધુ ઓળખાવે છે.

શખેમ ખાતે મહાસભા બોલાવીને યહોશુઆ સમગ્ર ઈસયલી પ્રજાની આગળ ઘોષણા કરે છે કે, “હું અને મારું કુટુંબ તો પ્રભુની જ સેવા કરીશું. ” અને છેલ્લે લોકેને આદેશ આપે છે. “તમે પ્રભુને કે બીજા દેવોને પસંદ કરો.” ત્યારે લોકો પ્રભુની સેવા કરવાનું અને તેમને ભજવાનું પસંદ કરે છે.

યહોશુઆ ગ્રંથમાં વર્ણવેલાં યુદ્ધોમાં આપણે યહોશુઆને ઈશ્વરના રાજ્યના પ્રતિનિધિ અને વીર યોદ્ધા તરીકે જોઈ શકીએ છીએ. ઈતિહાસના એ સમયગાળામાં રાજાઓ પોતાને દેવો માનતા હતા અને પોતાના રાજ્યને ઈશ્વરદત્ત ભૂમિ માનતા હતા ત્યારે એવા બધા રાજાઓને મારી હટાવીને કનાન ભૂમિ પર ઈશ્વર પ્રભુની સત્તા સ્થાપવામાં યહોશુઆ સફળ બને છે. આ રીતે યહોશુઆ ઈશ્વર પ્રભુને સમગ્ર દુનિયાના માલિક અને સર્વ માણસોના પ્રભુ તરીકે પોતાના જીવન કાર્યની ઘોષણા કરે છે.